Appeal(I.C.) No.52 of 2023
Judgment Ex-18

# ઔદ્યોગિક અદાલત નં.૧ ના સભ્યશ્રી સમક્ષ, સુરત.

અપીલ(આઈ.સી.)નં.૫૨/૨૦૨૩
(મુળ ટી.અરજી નં.૧૦૮૨/૨૦૧૧)
આંક–૧૮

એપેલન્ટ :– રાજેન્દ્રભાઈ અવચીત પાટીલ
રહે.આર.ડી. નગર, રૂમ નં.૨૦૫,
દિપક કોર્પોરેશનની સામે, નવાગામ ડીંડોલી,
સુરત.

::– વિ રૂ દ્ધ –::

રીસ્પોન્ડન્ટ :– અગ્રવાલ ટેક્ષટાઈલ્સ પ્રીન્ટીગ મીલ્સ
ઠે. વસ્તાદેવડી રોડ, જૈન દહેરાસરની સામે,
સુરત.

બી.આઈ.આર.એકટની કલમ–૮૪ મુજબની અપીલ

એપેલન્ટ તરફે :– વિ.પ્રતિનિધિશ્રી દિપકભાઈ કે. પીપરોડિયા
રીસ્પોન્ડન્ટ તરફે :– વિ.વ.શ્રી એમ.એન. શાહ

## ::– ચુ કા દો –::

**(૧)** એપેલન્ટની હાલની અપીલ, ટી.અરજી નં.૧૦૮૨/૨૦૧૧ ના કામે તા.૨૩/૦૨/૨૦૨૩ ના રોજ ટી. અરજી નામંજુર કરતા હુકમ વિરુધ્ધ દાખલ કરવામાં આવેલ છે. અપીલના કારણોમાં મુખ્યત્વે જણાવેલ છે કે, લેબર કોર્ટનો હુકમ રેકર્ડ પરના દસ્તાવેજી પુરાવાઓ તથા એપેલન્ટની મૌખિક જુબાની વિરુધ્ધનો તથા તેના અતાર્કિક અને ખોટા અર્થઘટન તથા ખોટા મૂલ્યાંકન આધારિત છે. લેબર કોર્ટમાં આંક–૧૧ થી એપેલન્ટની જુબાની તથા થયેલ ઉલટતપાસ તથા એપેલન્ટ તરફેના સાહેદની આંક–૧૫ ની જુબાની તથા થયેલ ઉલટતપાસ ઉપરથી પણ એપેલન્ટને નોકરીમાંથી ગેરકાયદેસર કાઢી મુકેલ હોવાનું સાબિત થતું હોવા છતાં તેમ ન ગણી ચુકાદો આપેલ છે. રીસ્પોન્ડન્ટ તરફે આંક–૧૭ થી જુબાની થયેલ અને તેની ઉલટતપાસ કરવામાં આવેલ તે ઉપરથી પણ નોકરીમાંથી ગેરકાયદેસર કાઢી મુકયાનું ઠરાવવું જોઈતું હતું. એપેલન્ટ તરફે આંક–૯ અને આંક–૧૨ ના લીસ્ટથી રજુ કરેલ દસ્તાવેજો અસલ હોવા છતાં અને તે સાબિત કરેલ હોવા છતાં તેને આંક આપ્યા કે ન

આપ્યાનો ચુકાદામાં ઉલ્લેખ કર્યા વિના ચુકાદો આપેલ છે. રીસ્પોન્ડન્ટ તરફેના સાહેદની આંક–૧૭ ની ઉલટતપાસમાં તેઓ મેનેજર હોવા છતાં તેઓને નિમણૂકપત્ર આપવામાં આવેલ નથી તેવું કબૂલ કરેલ છે. તેઓએ રજુ કરેલ પુરાવાનું સોગંદનામું હાજરીપત્રક અને પગારપત્રકને ધ્યાનમાં લીધા વિના કરેલ હોવાનું કબૂલ કરેલ છે. સંસ્થાએ રજુ કરેલ જવાબના સમયે પણ આવા હાજરીપત્રક અને પગારપત્રક મળેલ ન હતા તેવું કબૂલ કરેલ છે. કામદારોની અરજીની નકલ, ફોટોગ્રાફસ તથા આધારભૂત પુરાવા વર્ષ ૨૦૦૫ થી જુબાની આપી ત્યાં સુધીના સમયગાળામાં તેમણે જોયેલાનું કબૂલ કરેલ છે. જેથી આવા હાજરીપત્રક અને પગારપત્રકમાં એપેલન્ટનું નામ હોવાના કારણે તે રજુ થાય તો સંસ્થાનો બચાવ ખોટો સાબિત થાય તેમ હોવાથી રજુ કરેલ નથી. આંક–૧૭ ની ઉલટતપાસમાં આંક–૧૭ નું સરતપાસનું સોગંદનામું તેઓએ હાજરીપત્રકો તથા પગારપત્રકો ઉપલબ્ધ ન હોવાથી તે જોયા વગર તૈયાર કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે. જેથી હાજરીપત્રકો અને પગારપત્રકો રીસ્પોન્ડન્ટ પાસે હોવા છતાં કોર્ટના હુકમ મુજબના દસ્તાવેજો મળી આવતા નથી તેવું આંક–૨૨ ની એફીડેવિટમાં ખોટું જણાવેલ છે. રીસ્પોન્ડન્ટ તરફેના સાહેદે આંક–૨૫ નો વિનંતીપત્ર મળી ગયેલ હોવા છતાં તેનો જવાબ આપેલ ન હોવાનું કબૂલ કરેલ છે. જેથી રીસ્પોન્ડન્ટ સંસ્થા ચોખ્ખા હાથે કોર્ટમાં આવેલ નથી તેવું ઠરાવી રીસ્પોન્ડન્ટનો બચાવ રદ કરેલાનું ગણી ચુકાદો આપવાની જરૂર હતી. રીસ્પોન્ડન્ટને તક મળેલ હોવા છતાં કોર્ટના આંક–૭ પરના હુકમવાળા દસ્તાવેજો રજુ કરેલ નહી તથા ખોટી એફીડેવિટ કરેલ. નોકરીમાંથી ગેરકાયદેસર કાઢી મુકતા એપેલન્ટ આજદિન સુધી બેકાર હોય તે હકીકત નીચલી કોર્ટમાં જુબાની પુરાવા ઉપરથી સાબિત થતી હોય તેના આધારે ટી. અરજીમાં માંગેલ દાદ મંજુર કરવાની જરૂર હતી.

**(૨)** આ કામે રીસ્પોન્ડન્ટને હાલની અપીલની નોટીસ બજાવવામાં આવેલ છે. આ કામના રીસ્પોન્ડન્ટ વકીલશ્રી મારફતે હાજર થયેલ છે. રીસ્પોન્ડન્ટ તરફે આંક–૬ થી અપીલ વિરુધ્ધ વાંધા જવાબ રજુ કરેલ છે. જેમાં અપીલની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને મુખ્યત્વે જણાવેલ છે કે, લેબર કોર્ટનો હુકમ ન્યાયી અને કુદરતી ન્યાયના સિધ્ધાંત ઉપર આધારિત છે અને કોર્ટ સમક્ષ પડેલા પુરાવાઓને ધ્યાનમાં લઈ તથા રજુ કરેલ સોગંદ ઉપરની જુબાનીઓને ધ્યાનમાં લઈ કરવામાં આવેલ છે જે હુકમ યોગ્ય અને વ્યાજબી છે. લેબર કોર્ટે હુકમ કરવા સામે કાયદાના તમામ માન્ય સિધ્ધાંતોને ધ્યાનમાં લીધેલા

છે અને અપનાવેલા છે. સર્વે સિધ્ધાંતોનો આધાર લીધેલો છે અને હુકમ પસાર કરેલો છે. એપેલન્ટે રીસ્પોન્ડન્ટ સંસ્થામાં કામ કરેલ હોય તે અંગેનો કોઈ પુરાવો રજુ કરેલો નથી અને માત્ર સંસ્થા ધ્વારા તેઓને આઈડેન્ટીટી કાર્ડ, હાજરીકાર્ડ વગેરે આપતા ન હતા તેવો બચાવ તદ્દન ખોટો અને ગેરકાયદેસર છે. જો કામદાર કર્મચારી ૨૦ વર્ષથી કંપનીમાં નોકરી કરતો હોય તો કામદાર કર્મચારી પાસે ૨૦ વર્ષ દરમ્યાન કયારેક પણ નોકરી કરી હોય તે અંગેનો કોઈ પણ પુરાવો અદાલત સમક્ષ રજુ કરેલો નથી અને ૨૦ વર્ષ બાદ કંપની પાસે દસ્તાવેજી પુરાવો માંગવામાં આવે તો ૨૦ વર્ષ પૂર્વેના દસ્તાવેજો સ્વભાવિક છે કે ઉપલબ્ધ ન હોઈ શકે. એપેલન્ટ કામદારને રીસ્પોન્ડન્ટ કંપનીએ નોકરીમાંથી છુટા કરવા બાબતનો પણ કોઈ પુરાવો રજુ કરેલો નથી. જે પરથી પણ એપેલન્ટ કામદાર રીસ્પોન્ડન્ટ કંપનીમાં ફરજ બજાવતા ન હતા તેવું સાબિત થયેલ છે. રીસ્પોન્ડન્ટ તરફેના સાહેદની આંક–૧૭ ની જુબાની તથા ઉલટતપાસમાં પણ એપેલન્ટ કામદાર રીસ્પોન્ડન્ટ કંપનીમાં ફરજ બજાવતા હતા કે તેમને નોકરીમાંથી ગેરકાયદેસર છુટા કરેલ છે તેવું સાબિત થયેલ નથી. એપેલન્ટ તરફે આંક–૯ તથા આંક–૧૨ ના લીસ્ટથી રજુ કરેલા દસ્તાવેજો અંગે અદાલત સમક્ષ કોઈ પુરાવો રજુ કરેલો નથી અને તેવા દસ્તાવેજોને કોર્ટ ધ્વારા માન્ય કરેલા નથી. રીસ્પોન્ડન્ટના સાક્ષીની આંક–૧૭ ની ઉલટતપાસમાં સાક્ષી ૨૦૦૫ થી મેનેજર તરીકે ફરજ બજાવતા હતા. મેનેજર તરીકે તેઓએ કોઈ નિમણૂક હુકમ રજુ કરેલ નથી. પરંતુ રીસ્પોન્ડન્ટ સંસ્થા ધ્વારા તેઓને જરૂરી પુરાવાઓ આપેલા છે. નિમણૂક પત્ર આપેલો નથી પરંતુ તેઓએ સંસ્થામાં ફરજ બજાવે છે તે અંગેના જરૂરી પુરાવાઓ મેનેજર પાસે પણ ઉપલબ્ધ છે અને સંસ્થા પાસે પણ છે. જેથી તેમણે કબૂલ કરેલ ઉલટતપાસની હકીકતોનું ખોટું અર્થઘટન કરી શકાય નહી. આંક–૧૭ ની ઉલટતપાસમાં સંસ્થાના આંક–૧૬ વાળો જવાબ હાજરીપત્રકો, પગારપત્રકો ઉપલબ્ધ ન હોવાથી રજુ કરેલા નથી. કાયદેસરની જોગવાઈઓ મુજબ અને લાગુ પડતા કાયદા અનુસાર રાખવા પડતા તમામ દસ્તાવેજો સંસ્થા ધ્વારા રાખવામાં આવતા હતા પરંતુ સંસ્થા પાસે ૫ થી ૬ વર્ષના ગાળા બાદ એવા દસ્તાવેજોની માંગણી કરતા, તેવો રેકોર્ડ ઉપલબ્ધ ન હોય તે સ્વભાવિક છે અને એપેલન્ટ કામદારે કોઈ દાર્શનિક પુરાવો અદાલત સમક્ષ રજુ કરેલ ન હોઈ અને સંપૂર્ણ આધાર રીસ્પોન્ડન્ટ પર રાખતા હોય તો તે કાયદા વિરુધ્ધનું હોય, જેથી પણ નામદાર કોર્ટે કરેલ અવલોકન અને હુકમ યોગ્ય અને વાજબી છે. અદાલત સમક્ષ એપેલન્ટે કોઈ જ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા નહી અને માત્ર ૨૦ વર્ષથી

નોકરી કરતા હતા અને મૌખિક હુકમથી છુટા કરેલા હતા તેવું અનુમાન માની લઈને એપેલન્ટ કામદારની તરફેણમાં કોઈ હુકમ કરી શકાય નહી.

(૩) એપેલન્ટ તરફે પ્રતિનિધિશ્રી દિપકભાઈ પીપરોડિયાની દલીલ સાંભળવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે જણાવેલ છે કે, ટી. અરજીની આંક–૩ વાળી નોટીસ રીસ્પોન્ડન્ટને બજાવવામાં આવેલ. જેમાં તેઓના કબજા અથવા નિયંત્રણમાં હોય તેવા વિવાદની બાબત સાથે સંબંધ ધરાવતા તમામ દસ્તાવેજી પુરાવા રજુ કરવા જણાવવામાં આવેલ છે. જેથી ટી. અરજીનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી તેઓએ સાચવી રાખવા જોઈએ અથવા તેવા દસ્તાવેજો કોર્ટ સમક્ષ રજુ કરી દેવા જોઈએ. ટી. અરજીના કામે રીસ્પોન્ડન્ટ તરફે આંક–૬ થી રજુ કરવામાં આવેલ લેખિત જવાબમાં એપેલન્ટ અને રીસ્પોન્ડન્ટ વચ્ચે કામદાર માલીકનો સંબંધ ન હોવાની તકરાર લેવામાં આવેલ. પરંતુ રીસ્પોન્ડન્ટ કોઈ પુરાવો ન આપતા હોવાનું પ્રથમથી જ જણાવવામાં આવેલ છે. ટી. અરજીના કામે આંક–૭ થી હાજરીપત્રકો, પગારપત્રકો, હકકરજા પત્રકો, આઈકાર્ડ રજીસ્ટર વિગેરે દસ્તાવેજી પુરાવા રજુ કરાવવા માંગણી કરવામાં આવેલ. જે અન્વયે સને ૨૦૧૦, ૨૦૧૧ અને ૨૦૧૨ ના વર્ષના અસલ હાજરીપત્રક, પગારપત્રક રજુ કરવા હુકમ કરવામાં આવેલ હોવા છતાં રીસ્પોન્ડન્ટ સંસ્થાએ રજુ કરેલ નથી. જેથી તેવા દસ્તાવેજી પુરાવા ઉપરથી એપેલન્ટ અને રીસ્પોન્ડન્ટ વચ્ચે કામદાર માલીકનો સંબંધ પ્રસ્થાપિત થાય તેમ હોવાથી રજુ કરેલ ન હોવાનું અનુમાન કરવાપાત્ર હોવા છતાં લેબર કોર્ટે તે બાબત ધ્યાને લીધેલ નથી. એપેલન્ટ ધ્વારા ટી. અરજી દાખલ કરતા પહેલા વિનંતીપત્ર મોકલવામાં આવેલ. જે વિનંતીપત્ર મળી ગયેલ હોવા છતાં તેનો જવાબ આપવામાં આવેલો નથી. વિનંતીપત્ર સંસ્થાને મળી ગયેલ હોવાનું અને તેનો કોઈ જવાબ સંસ્થાએ આપેલ ન હોવાનું સંસ્થા તરફેના સાહેદે ઉલટતપાસમાં કબૂલ કરેલ છે. આમ, વિનંતીપત્રનો જવાબ આપવામાં આવેલ ન હોઈ રીસ્પોન્ડન્ટ સંસ્થાનો બચાવ ટકી શકતો નથી. એપેલન્ટ કામદારની આંક–૧૧ ની જુબાનીમાં તેઓના સાથી કામદારોના નામ જણાવેલ છે અને તે પૈકી એક સાહેદ આંક–૧૫ થી તપાસવામાં આવેલ છે. જેમાં એપેલન્ટની હકીકતોને સમર્થન આપેલ છે. તેઓની ઉલટતપાસમાં વિરુધ્ધની કોઈ હકીકત બહાર આવેલ નથી. રીસ્પોન્ડન્ટ સંસ્થા તરફેના સાહેદની આંક–૧૭ ની ઉલટતપાસ ઉપરથી તેઓની સરતપાસનું સોગંદનામું હાજરીપત્રક, પગારપત્રક વિગેરે જોઈને તૈયાર કરવામાં આવેલ હોવાનું સ્પષ્ટ થયેલ છે. આમ, આવા દસ્તાવેજી પુરાવા ઉપલબ્ધ હોવા છતાં અને લેબર

કોર્ટનો હુકમ હોવા છતાં રજુ કરવામાં આવેલ નથી. જેથી વિરુધ્ધનું અનુમાન કરવાપાત્ર છે. ટી. અરજીના કામે રેકર્ડ ઉપર આવેલ પુરાવો ધ્યાને લેતાં ટી. અરજી મંજુર કરવા પાત્ર હોવા છતાં લેબર કોર્ટ ધ્વારા નામંજુર કરવામાં આવેલ છે. આંક–૩૦ થી રજુ કરવામાં આવેલ ચુકાદાઓ લેબર કોર્ટ ધ્વારા ધ્યાને લેવામાં આવેલ નથી. જેથી એપેલન્ટની અપીલ મંજુર કરવા અરજ છે.

**(૪)** રીસ્પોન્ડન્ટ તરફે વિ.વ.શ્રી મોનાબેન એન. શાહની દલીલ સાંભળવામાં આવેલ છે. જેમાં આંક–૬ વાળા વાંધા જવાબમાં જણાવેલ હકીકતો તેઓની દલીલ ગણવા જણાવેલ છે અને અપીલ રદ કરવા અરજ ગુજારેલ છે.

**(૫)** અપીલ અરજી તથા ટી. અરજી નં.૧૦૮૨/૨૦૧૧ ના કામે રજુ થયેલ પુરાવા તથા પક્ષકારો તરફેની દલીલો ધ્યાને લેતાં, હાલની અપીલનાં નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

## ::– મુદ્દા –::

મુદ્દા નં.(૧) શું ટી. અરજી નં.૧૦૮૨/૨૦૧૧ ના કામે તા.૨૩/૦૨/૨૦૨૩ ના રોજ આંક–૩૪ થી કરેલ હુકમ ગેરકાયદેસર અને કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત વિરૂધ્ધનો અને રદ થવા પાત્ર છે ?

મુદ્દા નં.(૨) શું હુકમ ?

ઉપરોકત મુદ્દાના નિર્ણયો નીચે મુજબ આપવામાં આવે છે.

મુદ્દા નં.(૧) નકારમાં

મુદ્દા નં.(૨) આખરી હુકમ મુજબ

ઉપરોકત નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ આપવામાં આવે છે.

**(૬)** કારણો : મુદ્દા નં.૧

(૬.૧) મૂળ ટી. અરજી વંચાણે લેતાં, એપેલન્ટ કામદાર રીસ્પોન્ડન્ટ સંસ્થામાં છેલ્લા ૨૦ વર્ષથી ડિઝાઈન એકસપોઝીંગ ખાતામાં ફોટોગ્રાફી કામના હોદ્દા પર કાયમી નોકરીની ફરજ બજાવતા આવેલ હોવાનું અને તેઓને માસિક પગાર રૂા.૫૫૦૦/– ચુકવવામાં આવતો હોવાનું તેમજ રીસ્પોન્ડન્ટ સંસ્થા તેઓને નિમણૂકપત્ર, આઈકાર્ડ, પગારચિઠ્ઠી, હકકરજા કાર્ડ, હાજરીકાર્ડ વિગેરે આપતી ન હોવાનું તેમજ તા.૧૬/૦૯/૨૦૧૧ ના રોજ પહેલી

પાળીમાં સવારે ૮:૦૦ કલાકે તેઓ હાજર થઈ ગયેલા ત્યારે ચાલુ કામે શેઠશ્રી વિનયભાઈ તથા શેઠશ્રી લલિતભાઈએ તેઓને કોઈપણ જાતના વાંક–ગુના વગર, બચાવની તક આપ્યા વગર, નોટીસ કે નોટીસ પગાર આપ્યા વગર નોકરીમાંથી કાઢેલ મુકેલ હોવાનું જણાવેલ છે. મૂળ ટી. અરજીના કામે આંક–૧૧ થી એપેલન્ટ કામદારની સરતપાસનું સોગંદનામું રજુ કરવામાં આવેલ છે. જેમાં ટી. અરજીમાં જણાવ્યા મુજબની હકીકતો જણાવેલ છે. આંક–૧૧ હેઠળની રીસ્પોન્ડન્ટ સંસ્થા તરફે કરવામાં આવેલ ઉલટતપાસ વંચાણે લેતાં, આંક–૧ ની અરજી તેઓએ વાંચેલ ન હોવાનું તેમજ અરજીમાં શું લખ્યું છે તેની તેઓને ખબર ન હોવાનું જણાવેલ છે. આમ, ઉલટતપાસની આ હકીકત ધ્યાને લેતાં, મૂળ ટી. અરજીમાં જણાવવામાં આવેલ હકીકતો તેમણે લખાવેલ છે કે કેમ ? તેમજ ટી. અરજીમાં જણાવવામાં આવેલ હકીકતો તેમના લખાવ્યા મુજબની જ છે કે કેમ ? તે અંગે જ પ્રશ્નો ઉપસ્થિત થાય છે. જેથી ટી. અરજીમાં જણાવેલ હકીકતો ગ્રાહય બનતી નથી અને તેવી હકીકતોના સમર્થનમાં આંક–૧૧ થી રજુ થયેલ સોગંદ ઉપરનો પુરાવો પણ ગ્રાહય બનતો નથી.

(૬.૨) મૂળ ટી. અરજીમાં એપેલન્ટ કામદાર છેલ્લા ૨૦ વર્ષથી ફરજ બજાવતા હોવાનું તેમજ રીસ્પોન્ડન્ટ સંસ્થા તેઓને નિમણૂકપત્ર, આઈકાર્ડ, પગારચિઠ્ઠી, હકકરજા કાર્ડ, હાજરીકાર્ડ વિગેરે આપતી ન હોવાનું અને તા.૧૬/૦૯/૨૦૧૧ ના રોજ તેઓને નોકરીમાંથી કાઢી મુકેલ હોવાનું જણાવેલ છે. ટી. અરજીના કામે રીસ્પોન્ડન્ટ સંસ્થા તરફે આંક–૦૬ થી રજુ કરવામાં આવેલ લેખિત જવાબમાં એપેલન્ટ કામદારે તેઓની સંસ્થામાં કયારેય કામ કરેલ ન હોવાનું અને એપેલન્ટ કામદાર અને રીસ્પોન્ડન્ટ સંસ્થા વચ્ચે કામદાર માલીકનો સંબંધ ન હોવાનું જણાવેલ છે. મૂળ ટી. અરજીના કામે એપેલન્ટ કામદારે આંક–૧૧ થી સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે. જેમાં મૂળ ટી. અરજીની હકીકતોને સમર્થન આપેલ છે. આંક–૧૧ હેઠળ સંસ્થા તરફે કરવામાં આવેલ ઉલટતપાસ વંચાણે લેતાં, તેઓ રીસ્પોન્ડન્ટ સંસ્થામાં ૨૦ વર્ષથી કામ કરે છે તેના આધાર પુરાવા તેઓએ રજુ કરેલ હોવાનું જણાવેલ છે અને રેકર્ડ જોઈને એવા કોઈ દસ્તાવેજ તેઓએ રજુ કરેલ નથી તેવું જણાવેલ છે. ઉલટતપાસની આ હકીકતો ઉપરથી એપેલન્ટ કામદાર રીસ્પોન્ડન્ટ સંસ્થામાં ૨૦ વર્ષથી કામ કરતા હોવાની અને રીસ્પોન્ડન્ટ સંસ્થા તેઓને નિમણૂકપત્ર, આઈકાર્ડ, પગારચિઠ્ઠી, હકકરજા કાર્ડ, હાજરીકાર્ડ વિગેરે આપતી ન હોવાની હકીકતો ન માનવાને કારણ રહે છે. પેરા–૬.૧ માં ચર્ચા કર્યા મુજબ મૂળ ટી. અરજી તથા સોગંદ ઉપરના પુરાવાની હકીકતો ગ્રાહય બનેલ નથી. જેથી એપેલન્ટ કામદાર

રીસ્પોન્ડન્ટ સંસ્થામાં છેલ્લા ૨૦ વર્ષથી કામ કરતા હોવાનું તેમજ રીસ્પોન્ડન્ટ સંસ્થા જરૂરી દસ્તાવેજો આપતા ન હોવાનું માની શકાય તેમ નથી. આ ઉપરાંત ટી. અરજીના કામે એપેલન્ટ કામદાર તરફે આંક–૧૫ થી સાહેદ સુરેશ રામદાસ કુંભારની સરતપાસનું સોગંદનામું રજુ કરવામાં આવેલ છે. જેમાં એપેલન્ટ કામદારે તેઓની સાથે ૦૯ વર્ષ રીસ્પોન્ડન્ટ સંસ્થામાં ફરજ બજાવેલ હોવાનું જણાવેલ છે.પરંતુ આ સાહેદ રીસ્પોન્ડન્ટ સંસ્થાના કામદાર હોવા અંગેનો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ થયેલો નથી. મૂળ ટી. અરજીના કામે આંક–૧૧ થી રજુ થયેલ એપેલન્ટ કામદારના સરતપાસના સોગંદનામામાં આંક–૧૫ વાળા સાહેદ તથા અન્ય કામદારો તેઓની સાથે રીસ્પોન્ડન્ટ સંસ્થામાં કામ કરતા હોવાનું જણાવેલ છે. પરંતુ મૂળ ટી. અરજીમાં તેવી કોઈ જ હકીકત જણાવવામાં આવેલ નથી. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ પક્ષનિવેદનમાં જણાવેલ ન હોય તેવી સોગંદ ઉપરની હકીકતો ગ્રાહય બનતી નથી. આ તમામ હકીકતો ધ્યાને લેતાં, ટી. અરજીના કામે એપેલન્ટ કામદાર તરફે આંક–૧૫ થી રજુ થયેલ સાહેદનો સોગંદ ઉપરનો પુરાવો ગ્રાહય બનતો નથી. ટી. અરજીના કામે રીસ્પોન્ડન્ટ સંસ્થા તરફે આંક–૧૭ થી રીતેશ લલિત અગ્રવાલની સરતપાસનું સોગંદનામું રજુ કરવામાં આવેલ છે. જેમાં એપેલન્ટ કામદાર તેઓની સંસ્થામાં કામ કરતા હોવાની વાત સાચી ન હોવાનું તેમજ ઓળખકાર્ડ, હાજરીકાર્ડ વિગેરે આપતા ન હોવાની વાત સાચી ન હોવાનું જણાવેલ છે તેમજ તેઓની સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને કાયદા મુજબના તમામ હકક હિસ્સા આપતા હોવાનું તેમજ એપેલન્ટ કામદારે તેઓની સંસ્થામાં કામ કરેલ ન હોઈ પુરાવો આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો ન હોવાનું જણાવેલ છે. આ સાહેદની આંક–૧૭ હેઠળ એપેલન્ટ કામદાર તરફે કરવામાં આવેલ ઉલટતપાસ વંચાણે લેતાં, તેઓને મેનેજર તરીકે નિમણૂકપત્ર આપવામાં આવેલ ન હોવાનું અને મેનેજર તરીકેનું ઓળખકાર્ડ આપેલ હોવાનું જણાવેલ છે. તેઓએ આંક–૧૭ થી પુરાવાનું સોગંદનામું હાજરીપત્રક અને પગારપત્રક ધ્યાને લઈને રજુ કરેલ ન હોવાનું તેમજ કંપની તરફે આંક–૦૬ થી જવાબ રજુ કરેલ તે સમયે પણ હાજરીપત્રક, પગારપત્રક મળેલ ન હોવાનું જણાવેલ છે. આમ, ટી. અરજીના કામે રીસ્પોન્ડન્ટ સંસ્થા તરફે રજુ કરવામાં આવેલ આંક–૦૬ વાળો જવાબ તથા આંક–૧૭ થી રજુ કરવામાં આવેલ સરતપાસનું સોગંદનામું હાજરીપત્રક તથા પગારપત્રક જોયા સિવાય રજુ થયેલ હોવાનું સ્પષ્ટ થાય છે. આ ઉપરાંત, આંક–૧૭ હેઠળની એપેલન્ટ કામદાર તરફેની ઉલટતપાસમાં "કોઈપણ કામદારને નોકરીમાં રાખતા પહેલા તેમની પાસેથી

અરજી લેવામાં આવે છે તે વાત સાચી છે. અરજી લેવામાં આવે તેની નકલ હોય પરંતુ ૨૦૧૧ પહેલાની મારી નથી. અરજી લીધા બાદ તેનો ફોટોગ્રાફ અને લેખિત આધાર લેવામાં આવતા અને ત્યારબાદ તેને નિમણૂકપત્ર આપવામાં આવતો હતો. વર્ષ–૨૦૧૧ માં ત્રણેય પાળીમાં કામ કરતા કામદારોની અરજીની નકલ, ફોટોગ્રાફસ, આધારભૂત પુરાવા અને નિમણૂકપત્ર હાલ મારી પાસે ઉપલબ્ધ ન હોય આ કામે રજુ કરી શકું નહિ." તેવું જણાવેલ છે તેમજ સને ૧૯૯૮ થી સને ૨૦૧૧ ના સમયગાળા સુધીના નિમણૂકપત્રોની નકલો તેમની પાસે ઉપલબ્ધ ન હોવાથી રજુ કરી શકે તેમ ન હોવાનું જણાવેલ છે. ઉલટતપાસની ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં, કોઈપણ કામદારને નોકરીમાં રાખતા પહેલાં તેમની પાસેથી અરજી લેવામાં આવતી હોવાના સૂચક પ્રશ્નના જવાબમાં સાહેદે તે હકીકત સ્વીકારેલ છે અને તે અનુસંધાને આગળની કાર્યવાહી કરી તે અરજી લીધા બાદ ફોટોગ્રાફ અને લેખિત આધાર લઈ નિમણૂકપત્ર આપવામાં આવતા હોવાનું જણાવેલ છે. આગળ ચર્ચા કર્યા મુજબ રીસ્પોન્ડન્ટ સંસ્થા ધ્વારા જરૂરી દસ્તાવેજો આપવામાં આવતા ન હોવાની એપેલન્ટ કામદાર તરફેની હકીકત અગ્રાહય બનેલ છે. જેથી રીસ્પોન્ડન્ટ સંસ્થામાં કોઈપણ કામદારને નોકરીમાં રાખતા પહેલા તેઓ પાસેથી અરજી લીધા બાદ ફોટોગ્રાફ તથા લેખિત આધાર લઈ નિમણૂકપત્ર આપવામાં આવતો હોવાની હકીકત માનવાને કારણ રહે છે. એપેલન્ટ કામદાર તરફે રીસ્પોન્ડન્ટ સંસ્થામાં કરેલ અરજી કે તેઓનો નિમણૂકપત્ર રજુ કરેલો નથી. ટી. અરજીના કામે એપેલન્ટ કામદારની આંક–૦૭ ની અરજી અન્વયે સને ૨૦૧૦, ૨૦૧૧ અને ૨૦૧૨ ના વર્ષના હાજરીપત્રક, પગારપત્રક રજુ કરવા હુકમ કરવામાં આવેલ છે. જે અન્વયે રીસ્પોન્ડન્ટ સંસ્થા તરફે આંક–૨૨ વાળા સોગંદનામાથી હુકમ મુજબના દસ્તાવેજો ઘણાં જૂના હોવાથી અને શોધખોળ કરવા છતાં મળી આવતા ન હોવાથી રજુ કરી શકેલ ન હોવાનું જાહેર કરેલ છે. ઉપરોકત ચર્ચા કર્યા મુજબ એપેલન્ટ કામદાર ધ્વારા રીસ્પોન્ડન્ટ સંસ્થામાં કરેલ અરજીની નકલ તથા તેઓને આપવામાં આવેલ નિમણૂકપત્ર તેઓ પાસે હોય શકે છે. આ દસ્તાવેજો રજુ કરવાની પ્રાથમિક જવાબદારી એપેલન્ટ કામદારની હોવા છતાં એપેલન્ટ કામદાર તરફે રજુ કરવામાં આવેલ નથી. આગળ ચર્ચા કર્યા મુજબ રીસ્પોન્ડન્ટ સંસ્થા ધ્વારા નોકરી સંબંધી જરૂરી પુરાવા આપવામાં આવતા ન હોવાની એપેલન્ટ કામદાર તરફેની હકીકત અગ્રાહય ઠરેલ છે. એપેલન્ટ કામદારે રજુ કરવાના પુરાવાનો પ્રાથમિક બોજો વહન કરેલ નથી. આ સંજોગોમાં રીસ્પોન્ડન્ટ સંસ્થા તરફે હાજરીપત્રક

અને પગારપત્રક રજુ ન કરી શકવા અંગેની હકીકત તથા હાલના કેસની હકીકત અને સંજોગો ધ્યાને લેતાં, રીસ્પોન્ડન્ટ સંસ્થા તરફે હાજરીપત્રક અને પગારપત્રક રજુ કરવામાં આવેલ ન હોવાથી રીસ્પોન્ડન્ટ સંસ્થા સામે વિરુધ્ધનું અનુમાન કરવાપાત્ર બનતું નથી. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ એપેલન્ટ કામદાર અને રીસ્પોન્ડન્ટ સંસ્થા વચ્ચે કામદાર માલીકનો સંબંધ પ્રસ્થાપિત થતો નથી.

(૬.૩) આ કામે પેરા–૬.૧ માં ચર્ચા કર્યા મુજબ ટી. અરજીમાં જણાવેલ હકીકતો ગ્રાહય બનેલ નથી અને તેવી હકીકતોના સમર્થનમાં આંક–૧૧ થી રજુ થયેલ સોગંદ ઉપરનો પુરાવો પણ ગ્રાહય બનેલ નથી. પેરા–૬.૨ માં ચર્ચા કર્યા મુજબ એપેલન્ટ કામદાર રીસ્પોન્ડન્ટ સંસ્થામાં ૨૦ વર્ષથી કામ કરતા હોવાની અને રીસ્પોન્ડન્ટ સંસ્થા તેઓને નિમણૂકપત્ર, આઈકાર્ડ, પગારચિઠ્ઠી, હકકરજા કાર્ડ, હાજરીકાર્ડ વિગેરે આપતી ન હોવાની હકીકતો ન માનવાને કારણ રહે છે અને એપેલન્ટ કામદાર રીસ્પોન્ડન્ટ સંસ્થામાં છેલ્લા ૨૦ વર્ષથી કામ કરતા હોવાનું તેમજ રીસ્પોન્ડન્ટ સંસ્થા જરૂરી દસ્તાવેજો આપતા ન હોવાનું માની શકાય તેમ નથી તેમજ એપેલન્ટ કામદાર અને રીસ્પોન્ડન્ટ સંસ્થા વચ્ચે કામદાર માલીકનો સંબંધ પ્રસ્થાપિત થતો નથી. જેથી એપેલન્ટ કામદારને તા.૧૬/૦૯/૨૦૧૧ ના રોજ નોકરીમાંથી કાઢી મુકવામાં આવેલ હોવા અંગેનો કે એપેલન્ટ કામદારને પડેલા દિવસોના પાછલા પગાર સાથે પુનઃસ્થાપિત કરવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી.

(૬.૪) મૂળ ટી.અરજીના કામે એપેલન્ટ કામદાર તરફે રજુ કરવામાં આવેલ ચુકાદાઓ લેબર કોર્ટ, સુરત ધ્વારા ધ્યાને લેવામાં આવેલ ન હોવાની એપેલન્ટ કામદાર તરફે દલીલ કરવામાં આવેલ છે. ટી. અરજીના કામે એપેલન્ટ કામદાર તરફે આંક–૩૦ ના લીસ્ટથી નીચે મુજબના ચુકાદા રજુ કરવામાં આવેલ છે.

(૧) ૨૦૦૭ (૧૧૨) એફએલઆર ૧૦૪૯ (સુ.કો.) જે.કે. સીન્થેટીકસ લી. વિ. કે.પી. અગ્રવાલના કેસનો ચુકાદો વંચાણે લેતાં, અદાલતને પાછલો પગાર ચુકવવા હુકમ કરવો યોગ્ય જણાય તો પણ પાછલો પગાર પુરેપુરો ચુકવવો કે અંશતઃ ચુકવવો તે પ્રશ્ન રહે છે અને તે જે તે કેસની હકીકતો અને સંજોગો ઉપર આધાર રાખે છે. આ કામે આગળ ચર્ચા કર્યા મુજબ માલીક કામદારનો સંબંધ પ્રસ્થાપિત થતો ન હોઈ પાછલો પગાર ચુકવવા અંગેનો કોઈ પ્રશ્ન રહેતો નથી.

(૨) ૨૦૦૬ એસ.સી.સી. (એલ એન્ડ એસ) ૧ આર.એમ. યેલ્લાત્તી વિ. આસી. એકઝીકયુટીવ એન્જીનીયરના કેસનો ચુકાદો વંચાણે લેતાં, વિરુધ્ધનું અનુમાન કરવું એ દરેક કેસની હકીકતો અને સંજોગો ઉપર આધાર રાખે છે. આ કામે આગળ ચર્ચા કર્યા મુજબ રીસ્પોન્ડન્ટ સંસ્થા સામે વિરુધ્ધનું અનુમાન કરવાપાત્ર નથી.

(૩) ૨૦૧૦ (૨) જીએલએચ ૨૧૪ (ગુજ.) સ્ટેટ ઓફ ગુજરાત અને બીજાઓ વિ. કતુબેન ટપુભાઈના કેસનો ચુકાદો વંચાણે લેતાં, કામદાર ધ્વારા પુરાવો આપવામાં આવે અને તે આધારે ૨૪૦ દિવસ કામ કરેલ હોવાનું સ્પષ્ટપણે પ્રસ્થાપિત કરવામાં આવે ત્યારે તે હકીકતોને ખોટી સાબિત કરવા માટેનો ખંડનાત્મક પુરાવો રજુ કરવાનો બોજો માલીક ઉપર આવે. આ કામે આગળ ચર્ચા કર્યા મુજબ એપેલન્ટ કામદાર અને રીસ્પોન્ડન્ટ સંસ્થા વચ્ચે કામદાર માલીકનો સંબંધ પ્રસ્થાપિત થતો નથી.

(૪) ૨૦૧૩ (૧૩૯) એફએલઆર ૫૪૧ (સુ.કો.) દિપાલી ગુન્દુ સુર્વાસે વિ. ક્રાંતિ જુની. અધ્યાપક અને બીજાઓના કેસનો ચુકાદો વંચાણે લેતાં, પાછલો પગાર માંગવામાં આવેલ હોય ત્યારે કામદારે તેણે લાભકારક રોજગારી મેળવેલ નથી અથવા ઓછી કમાણીવાળી રોજગારી મેળવેલ છે તેવું પક્ષનિવેદન કરવું પડે અને કામદારે અન્ય જગ્યાએ રોજગારી મેળવેલ હોવાનું માલીકે પુરવાર કરવું જરૂરી છે. આ કામે આગળ ચર્ચા કર્યા મુજબ એપેલન્ટ કામદાર અને રીસ્પોન્ડન્ટ સંસ્થા વચ્ચે કામદાર માલીકનો સંબંધ જ પ્રસ્થાપિત થયેલ નથી.

(૫) ૨૦૧૪ એલએલઆર ૬૭૩ (સુ.કો.) ભુવનેશકુમાર ધ્વિવેદી વિ. મેસર્સ હિંદાલકો ઈન્ડસ્ટ્રીઝ લી.ના કેસનો ચુકાદો વંચાણે લેતાં, કામદાર અન્ય જગ્યાએ લાભકારક રોજગારી મેળવતા હોવાનું માલીકે પુરવાર કરવું પડે. જો તેવું પુરવાર કરવામાં માલીક નિષ્ફળ જાય તો કામદાર પાછલો પગાર મેળવવા હકકદાર બને. આ કામે આગળ ચર્ચા કર્યા મુજબ એપેલન્ટ કામદાર અને રીસ્પોન્ડન્ટ સંસ્થા વચ્ચે કામદાર માલીકનો સંબંધ જ પ્રસ્થાપિત થયેલ નથી.

(૬) ૨૦૦૪ એસ.સી.સી. (એલ એન્ડ એસ) ૧૦૮૧ નિકસ (ઈન્ડિયા) ટુલ્સ વિ. રામસુરત અને બીજાઓના કેસનો ચુકાદો વંચાણે લેતાં, પાછલો પગાર ઘટાડવા માટે નોકરીની વૈકલ્પિક તક ઉપલબ્ધ હોવાનું અવલોકન માત્ર પુરતું નથી.

કામદારને નોકરીની તક હતી અને તેણે ઈન્કાર કરેલ હોવાનું અથવા તેને છુટા કરવામાં આવ્યા તે સંપૂર્ણ સમયગાળા દરમ્યાન લાભકારક રોજગારી મેળવતા હોવાનું ઠરાવવા રેકર્ડ ઉપર મટીરીયલ હોવું જોઈએ. આ કામે આગળ ચર્ચા કર્યા મુજબ એપેલન્ટ કામદાર અને રીસ્પોન્ડન્ટ સંસ્થા વચ્ચે કામદાર માલીકનો સંબંધ જ પ્રસ્થાપિત થયેલ નથી.

(૭) ૨૦૧૦ એલએલઆર ૩૩૫ (સુ.કો.) હરજીંદર સીંઘ વિ. પંજાબ સ્ટેટ વેર હાઉસીંગ કોર્પોરેશનના કેસની માત્ર હેડનોટ રજુ કરવામાં આવેલ છે.

એપેલન્ટ કામદાર તરફે રજુ થયેલ ઉપરોકત ચુકાદાઓ એપેલન્ટ કામદારને મદદરૂપ બનતા નથી.

આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ એપેલન્ટ કામદારની ટી. અરજી મંજુર કરવાપાત્ર ન હોઈ લેબર કોર્ટ, સુરતનો ટી. અરજી નામંજુર કરતો હુકમ યોગ્ય અને કાયદેસર ઠરે છે અને સદર હુકમમાં હસ્તક્ષેપ કરવાપાત્ર ન હોઈ મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં.૨ અંગે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

::— હુ ક મ —::

(૧) એપેલન્ટની અપીલ(આઈ.સી.)નં.૫૨/૨૦૨૩ નામંજુર કરવામાં આવે છે.
(૨) ટી.અરજી નં.૧૦૮૨/૨૦૧૧ ના કામનો તા.૨૩/૦૨/૨૦૨૩ ના રોજનો લેબર કોર્ટ, સુરતનો ચુકાદો કાયમ કરવામાં આવે છે.
(૩) ટી.અરજી નં.૧૦૮૨/૨૦૧૧ નું રેકર્ડ આ હુકમની એક નકલ સાથે લેબર કોર્ટ, સુરતને મોકલી આપવું.
(૪) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

આજ તા.૦૯ મી એપ્રિલ—૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં હુકમ જાહેર કર્યો.

( જયેશકુમાર શામળદાસ પટેલ )
સભ્ય,ઔદ્યોગિક ન્યાય પંચ નં.૧, સુરત.
જજ કોડ : જીજે ૦૦૫૬૧

( સ્ટેનો– એસ.જી.ચૌધરી )